GJNV020090432024

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૧૧/૧૦/૨૦૨૪ |
| કેસ દાખલ તારીખ | : | ૧૧/૧૦/૨૦૨૪ |
| કેસ નિકાલ તારીખ | : | ૦૯/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | : | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૪ ૨૬ |

નામદાર સુપ્રિમ કોર્ટના *SUO MOTO WRIT (CRL) NO.(S) 1/2017* તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર *VI* ના *179-A* અન્વયેના નોટીફીકેશન નં.સી. –૨૦૦૧–૯૩, તારીખ :૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

## ***FORM-A***

| ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, તા.જી.નવસારીના ન્યાયાલયમાં<br>શ્રી બી. કે. શાહ – ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ. | |
|---|---|
| એફ.આઈ.આર.ની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
| પોલીસ સ્ટેશન | નવસારી રૂરલ પોલીસ સ્ટેશન |
| ગુનો | બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨),૫૪ મુજબ |
| તહોમતનામા મુજબ | બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨),૫૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી સોનલબેન દરજી |
| આરોપી/આરોપીઓ | **૦૧. આફતાબ સલીમ ઝારા,**<br>ઉ.વ.–૨૨, ધંધો–વેપાર<br>રહે–કડીયાવાડ, મહિલા કોલેજ આશિયાના કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, તા.જી.નવસારી<br>**૦૨. ફૈજાન વૈચદખાન પઠાણ ,**<br>ઉ.વ.–૨૨, ધંધો–ફર્નીચર,<br>રહે–અમજામ મસ્જીદની સામે, કડીયાવાડ, તા.જી.નવસારી |
| આરોપી તરફે વિ.વ.શ્રી | શ્રી પી.એચ.એચ.સાળુખે |

## **FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૮/૦૮/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૧૦/૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમત ફરમાવ્યા તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરુ થયા તારીખ | ૨૪/૦૨/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમા રાખ્યા તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સજા ના હુકમની તારીખ જો હોય તો, | ------ |

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ઘડપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે | શું નિર્દોષ છોડેલ છે કે સજા કરેલ છે? | સજાની વિગત | સીઆરપીસી કલમ – ૪૨૮ ના હેતુ માટે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેદમાં રહેલ હોય તેનો સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આફતાબ સલીમ ઝારા | ૧૨/૮/૨૪ | ૧૪/૮/૨૪ | બી.એન.એસ ની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | ફૈજાન વૈયદખાન પઠાણ, | ૧૨/૮/૨૪ | ૧૪/૮/૨૪ | | નિર્દોષ | -- | -- |

## FORM-C

## (એ) ફરીયાદપક્ષ તરફે

### -:: <u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u> ::-

| અ.નં | વિગત | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | કિશનભાઈ બકાભાઈ ભરવાડની જુબાની | ફરીયાદી | ૦૯ |
| ૦૨ | નિતેષ જગદીશભાઈ ભરવાડની જુબાની | પંચ સાહેદ | ૧૨ |
| ૦૩ | ગોપાળ દેવાભાઈ ભરવાડની જુબાની | પંચ સાહેદ | ૧૪ |
| ૦૪ | બકાભાઈ નાનુભાઈ ભરવાડની જુબાની | અન્ય સાહેદ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૦૫ | બાગુબેન બકાભાઈ ભરવાડની જુબાની | અન્ય સાહેદ | ૨૧ |
| ૦૬ | અમૃતભાઈ મંગાભાઈ વસાવાની જુબાની | ત.ક.અ | ૨૨ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ હોય તો,**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**–:: ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::–**

| અ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | એફ.આઈ.આર. | ૧૦ |
| ૦૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૩ |
| ૦૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## -:: મુદ્દામાલની વિગત ::-

| અ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | એકટીવા મો.સા. જેનો રજી. નં. GJ-21-DD-1415 |

## - :: <u>ચુકાદો</u> :: -

**૦૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપી ઓએ એકબીજાની મદદગારી કરી તા.૦૮/૦૮/૨૦૨૪ ના કલાક ૨૩:૩૦ થી તા.૯/૮/૨૦૨૪ ના કલાક ૦૭:૩૦ દરમ્યાન હર કોઈ વખતે મોજે વાઘાવાડી વસંત વિહાર સોસાયટી પાસે કબીલપોર,તા.જી.નવસારી ખાતેથી હોન્ડા એકટીવા ડાર્ક બ્લુ કલરની જેનો રજી. નં. GJ-21-DD-1415 જેનો એન્જીન નં. JK15EW5592043 તથા ચેસીસ નં. ME4JK156CRW592080 જેની કિ.રૂા.૬૦,૦૦૦/- જે ડુપ્લીકેટ ચાવી થી લોક ખોલી અગર લોક તોડી ચોરી કરી લઈ જઈ, પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ. તે મતબલની ફરિયાદ નવસારી રૂરલ પોલીસ સ્ટેશને નોંધાયેલ છે.

**૦૨.** હાલના કામના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના અન્વયે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૪૧૨૫૧/૨૦૨૪ થી બી. એન.એસ.ની કલમ-૩૦૩(૨),૫૪ મુજબની ફરિયાદ નોંધાતા બનાવની આગળ ની તપાસ તપાસ કરનાર અધિકારીએ સંભાળી લઈ બનાવ બાબતે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાય આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૦૩.** હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ નામ.અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આરોપીને સમન્સ કરવામાં આવતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે હાજર આરોપીને

પોલીસ તપાસના કાગળોની પુરતી નકલો સોંપ્યાની ખાતરી કર્યા બાદ **આંક –૦૫** થી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટમાં દર્શાવેલ કલમો અંગેના ગુનાનું તહોમતનામું ફરમાવી **આંક–૦૬ અને આંક–૦૭ થી આરોપીઓની પ્લી** યાને કે નિવેદન નોંધતા આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ, અત્રેની અદાલત દ્વારા ફરિયાદીપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ. વધુમાં,

**<u>નામદાર સુપ્રીમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઇમ્સ, પાન નં. ૮૫</u>**

**<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન</u>**

ના ચુકાદામાં જણાવેલ રેશીયો ધ્યાને લેતા, *"જ્યારે વધુ પુરાવો લેવાથી કોર્ટ કન્વીકશન ના અભીપ્રાય સુધી પહોચી શકે તેમ ન હોઈ, તો કોર્ટનો કિંમતી સમય ફક્ત પ્રોસીજર પુર્ણ કરવાના ઈરાદે વેડફવો ન જોઈએ."*

જે ધ્યાને લઈ, હાલના કેસમાં બાકી રહેલ સાહેદોને તપાસવાથી અદાલતના આખરી મનોમંથન–નિષ્કર્ષમાં કોઇ ફેરફાર થવાનો કોઇ અવકાશ ન રહેતો નથી.

**<u>વધુમાં, સંસ્કુતનો એક શ્લોક વંચાણે લેતા,</u>**

**व्यथा व्रूष्टि समुद्रेषु, व्यथा त्रुप्तेषु भोजनम् |**

**व्यथा दानं धनाढ्येषु, व्यथा दीपो दिवाङपि च ||**

**Means :**

"Rain over an ocean is meaningless, meaningless is feeding a well fed person, charity to a rich person is meaningless, meaningless is lighting a lamp in the daylight."

<u>Hence, if the court not reach on conviction, after concluding entire proofs on record, to examine all witnesses mentioned in Charge–Sheet is MEANINGLESS.</u>

વધુમાં લો તથા લેક્સીકન ના મેક્સીમ ***"Boni Judicis est fudicium sine delatione mandare executioni"*** ( *It is*

*the duty of "GOOD JUDGE" to order judgment to be executed without delay)* તથા ***"Ponderantur testes, non numerantur"*** *( Witnesses are "weighed", not "counted")* નો અર્થસાર ધ્યાને લઇ, વિના વિલંબે ચુકાદો જાહેર કરવાની એક "સારા ન્યાયાધિશ" ની જવાબદારી હોઇ, સદર ઉપરોક્ત કારણો ધ્યાને લઇ, ન્યાયના વિશાળ હિતમાં ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ ફરમાવવામાં આવેલ.

**૦૪.** ફરિયાદપક્ષ તર્ફે અન્ય વધુ કોઈ પુરાવા રજૂ ન કરાતા વિ.સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીને માન આપી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરી ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ. તેમા તેઓએ આવુ કોઈ કૃત્ય કરેલ ન હોવાનું, ખોટી રીતે ફસાવી દેવામા આવેલ તથા તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સોગંદ ઉપરની જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાક્ષીઓ પણ તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ.

**ફરિયાદપક્ષની દલીલો :-**

**૦૫.** વિ. સરકારી વકીલશ્રીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ ફરિયાદીની જુબાની તથા સાહેદોનો પુરાવો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવા થી ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ છે જેથી આરોપીઓ ને યોગ્ય તે નસીહત કરવા રજૂઆત કરેલ છે.

**બચાવપક્ષની દલીલો :-**

**૦૬.** ફરિયાદપક્ષની દલીલોનો વિરોધ કરતાં બચાવપક્ષના વિ.વકીલશ્રી એ તેમની મૌખિક દલીલોમાં રજૂઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદ, જુબાની સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ કામે બનાવ નજરે જોનાર કોઈ સાહેદ નથી. પંચનામાના પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જેથી આરોપીઓને ગુના સાથે સાંકળી દોષિત ઠરાવી શકાય નહી.

**૦૭.** આમ, હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજૂ પુરાવા તેમજ ઉભય પક્ષ તર્ફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રે ની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ઓએ એકબીજાની મદદગારી કરી તા.૮/૮/૨૦૨૪ ના કલાક ૨૩:૩૦ થી તા.૯/૮/૨૦૨૪ ના કલાક ૦૭:૩૦ દરમ્યાન હર કોઈ વખતે મોજે વાઘાવાડી વસંત વિહાર સોસાયટી પાસે કબીલ–પોર,તા.જી.નવસારી ખાતેથી હોન્ડા એકટીવા ડાર્ક બ્લુ કલરની જેનો રજી. નં. GJ-21-DD-1415 જેનો એન્જીન નં. JK15EW5592043 તથા ચેસીસ નં.ME4JK156CRW592080 જેની કિંમત રૂપીયા ૬૦,૦૦૦/ – જે ડુપ્લીકેટ ચાવી થી લોક ખોલી અગર લોક તોડી ચોરી કરી લઈ જઈ, પાછળથી પકડાઈ જઈ બી.એન.એસ.ની કલમ –૩૦૩(૨),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૦૮.** ઉપરોકત મુદ્દાના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

**૦૯.** સદર કેસનો નિર્ણય કરતાં પહેલા ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા તપાસેલા સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય તેની ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૦.** ફરિયાદપક્ષે **ફરિયાદી કિશનભાઈ બકાભાઈ ભરવાડ ને આંક –૦૯** થી તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા. ૭ મી તારીખ અને ૨૦૨૪ માં વસંતવિહાર સોસાયટી, વાઘાવાડ, ગ્રીડ કબીલપોર, નવસારી ખાતે બનેલો. મારી ડાર્ક બ્લુ કલરની એકટીવા નં. ૧૪૧૫ મારા ઘર આગળ મેં પાર્ક કરેલી અને રાત્રે ૧ થી ૪ ના ગાળામાં મારી ગાડી ચોરાઈ ગયેલ અને તેથી અમે આજુબાજુમાં મારી ગાડી શોધવા માટે શોધખોળ કરેલ પરંતુ મારી એકટીવા ગાડી મળી આવેલ નહી. જેથી મેં પોલીસ સ્ટે.માં ફરિયાદ આપેલી. મને સી. આર. પી. સી. ૧૫૪ હેઠળની એફ આઈ આર બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. મેં આરોપીઓને ચોરી કરતા જોયેલા નહી. તેમજ પાછળથી પણ પોલીસે અમોને બતાવેલા હોય તેવુ બનેલ નથી.

આરોપી તરફે કરવામાં આવેલી **ઉલટતપાસ**માં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ ફરીયાદ અમોએ એક અજાણ્યા ઈસમ વિરૂધ્ધ આપેલી. એ વાત ખરી છે કે, આ બનાવ અમોને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદ મોડી આપી તેનો ખુલાસો ફરીયાદમા કરેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ વાહન આપણી પોતાની માલીકીનું હોય તો જ બીજા કોઈકને આપી શકીએ. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદમા બનાવ તારીખ ૮/૮/૨૪ નો છે અને વેચાણ કરાર તા.૯/૮/૨૪ ની છે. જેથી આ વેચાણ કરાર ખોટો હોઈ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, ટીટી એ ફોર્મ એ માલીકીનો પુરાવો નથી. એ વાત ખરી છે કે, જયા સુધી કોઈ આર.સી. બુક માં નામ ચઢે નહી ત્યા સુધી તે વાહનના માલીક ગણાતા નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે, મેં વેચાણ કરારથી લીધેલ છે. એ વાત ખરી નથી કે,આ ફરીયાદ આપ્યા બાદ મારે પો.સ્ટે. જવાનુ બનેલુ નહી. એ વાત ખરી છે કે, મેં ટીટી એ ફોર્મ પર તા.૭/૭/૨૪ ના રોજ સહી કરાવેલી અને મારી ગાડી તારીખ

૮/૮/૨૪ ના રોજ ચોરી થયેલી. એ વાત ખરી છે કે, ગાડી ચોરાયા બાદ તા.૯/૮/૨૪ ના રોજ વેચાણ કરાર કરેલ છે. એ વાત ખરી નથી કે, અમો એ આ આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે અને તેઓની પાસે પૈસા પડાવવા માટે આ ફરીયાદ કરેલ છે.

**૧૧.** ફરિયાદપક્ષે **પંચ સાહેદ નિતેષ જગદીશભાઈ ભરવાડ ને આંક-૧૨ થી** તપાસેલા છે તેઓ તેમની જુબાનીમાં આંક-૧૩ વાળા પંચનામા પર પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષને મદદરૂપ કોઈ હકકીત જણાવતા નથી.

આરોપી તરફે ઉલટ તપાસ લેવામા આવેલ નથી.

**૧૨.** ફરિયાદપક્ષે **પંચ સાહેદ ગોપાળ દેવાભાઈ ભરવાડને આંક-૧૪ થી** તપાસેલા છે તેઓ તેમની જુબાનીમાં આંક-૧૩ વાળા પંચનામા પર પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષને મદદરૂપ કોઈ હકકીત જણાવતા નથી.

આરોપી તરફે ઉલટ તપાસ લેવામા આવેલ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે **સાહેદ બકાભાઈ નાનુભાઈ ભરવાડને આંક-૨૦** થી તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,મારા છોકરાએ ડેનીમ પાસેથી બનાવના એકાદ મહિના પહેલા સેકન્ડ હેન્ડથી વેચાણ એકટીવા મો. સા. જેનો રજિ. નં.જીજે ૨૧ ડીડી ૧૪૧૫ છે જે એકટીવા તા.૯/૮/૨૪ ના

રોજ સવારના સાડા સાત વાગે સ્કુલે મુકવા જવાનું હોઈ જેથી એકટીવાની ચાવી લેવા ગયેલ અને ત્યારબાદ એકટીવા પાર્ક કરેલ ત્યાં મુકેલ એકટીવા જોવા મળેલ નહી. પરંતુ તે મળી આવેલ નહી. જેથી મારા છોકરા કીશને ડેનીમ પાસેથી લીધેલ હોય મારા છોકરાએ ડેનીમને પુછેલ હોય તો ડેનીમે ના પાડેલ અને અમો તથા મારા છોકરા કિશને શોધખોળ કરતા હોય મળી આવેલ નહી અને મારા છોકરા કિશને ફરિયાદ આપેલી અને બનાવ અંગે પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીને ચોરી કરતા મેં જોયેલા નહી.

આરોપીઓ તરફે કરવામાં આવેલી **ઉલટ તપાસ**માં તેઓ જણાવે છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. બનાવ અંગે પો.સ્ટે. જવાનુ બનેલ નહી. એ વાતની મને ખબર નથી કે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે, આરોપીને બચાવવા આજ રોજ ખોટી જુબાની આપુ છું.

**૧૪.** ફરિયાદપક્ષે **સાહેદ બાગુબેન બકાભાઈ ભરવાડને આંક–૨૧** થી તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મારા છોકરાએ ડેનીમ પાસેથી બનાવના એકાદ મહિના પહેલા સેકન્ડ હેન્ડથી વેચાણ એકટીવા મો. સા. જેનો રજિ. નં.જીજે ૨૧ ડીડી ૧૪૧૫ છે જે એકટીવા તા.૯/૮/૨૪ ના રોજ સવારના સાડા સાત વાગે સ્કુલે મુકવા જવાનું હોઈ જેથી એકટીવાની ચાવી લેવા ગયેલ અને ત્યારબાદ એકટીવા પાર્ક કરેલ ત્યાં મુકેલ એકટીવા જોવા મળેલ નહી. પરંતુ તે મળી આવેલ નહી. જેથી મારા છોકરા કીશને ડેનીમ પાસેથી લીધેલ હોય મારા છોકરાએ ડેનીમને પુછેલ હોય તો ડેનીમે ના પાડેલ અને અમો તથા મારા છોકરા કિશને શોધખોળ કરતા હોય મળી આવેલ નહી અને મારા છોકરા કિશને ફરિયાદ આપેલી અને બનાવ અંગે પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીને ચોરી કરતા મેં જોયેલા નહી.

આરોપીઓ તરફે કરવામાં આવેલી **ઉલટ તપાસ**માં તેઓ જણાવે છે કે,

મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. બનાવ અંગે પો.સ્ટે. જવાનુ બનેલ નહી. એ વાતની મને ખબર નથી કે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી નથી કે, આરોપીને બચાવવા આજ રોજ ખોટી જુબાની આપુ છું.

**૧૫.** ફરિયાદપક્ષે **આંક–૨૨ થી તપાસ કરનાર અમલદાર અમૃતભાઈ મંગા ભાઈ વસાવા**ને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૮/૮/૨૪ ના કલાક ૨૩:૩૦ થી તા. ૯/૮/૨૪ ના સવારના કલાક ૭:૦૦ દરમીયાન કબીલપોર, વસંતવિહાર સોસાયટી પાસે આવેલી ખુલ્લી જગ્યામાં ફરીયાદી શ્રી કીશનભાઈ ભરવાડનાઓએ પોતાની હોન્ડા એકટીવા જેનો રજિ. નં. જીજે ૨૧ ડીડી ૧૪૧૫ જે એકટીવા ગાડીનો કલર ડાર્ક બ્લુ કલરનો હતો. જે મોપેડ ગાડી હરકોઈ વખતે કોઈ ચોર ઈસમ મોપેડ એકટીવાનુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી સ્ટેયરીંગ લોક તોડી ચોરી કરી લઈ ગયેલા હતા. જે બાબતે ફરીયાદી તેમજ તેમના સગા સંબંધીનાઓએ પોતાની મોપેડ ગાડીની બે થી ત્રણ દિવસ શોધખોળ કરેલ. તેમ છતા ગાડી મળી આવેલ નથી. જેથી પોતાની મોપેડ ગાડી કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય તેવુ ફરીયાદી શ્રીને શક જતા તેઓએ નવસારી રૂરલ પો. સ્ટે. માં ગઈ તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ફરીયાદ દાખલ કરાવેલ હતી. જે ફરીયાદ તપાસના કામે અમારા તરફ ડેપ્યુટ થતા અમોએ સંભાળી લીધેલી. ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામુ કરી લીધેલ મને આંક–૧૫ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે જે પંચોના લખાવ્યા મુજબ મારી રૂબરૂમાં લખી લીધેલ તે જ છે. તેમાં મારી તથા પંચોની સહી છે જે હું ઓળખુ છુ. તે જ રીતે મને આંક–૧૩ વાળુ મુદ્દામાલ રીકવરી અંગેનું પંચનામુ બતાવવામાં આવે તે મારા રૂબરૂનું પંચનામુ છે તે લખી લીધેલ છે તેમાં મારી તથા પંચોની સહી છે જે હું ઓળખી બતાવુ છુ અને તે એકટીવા

ગાડી બંને આરોપી ઈસમના પાસેથી કબજે કરેલી. તેમજ સાહેદોના નિવેદનો લખી લીધેલ. તેમજ અમો નામ.હાઈકોર્ટમાં ગયેલ હોવાથી આગળની તપાસ એમ. એમ. મોર્ય સાહેબનાઓને ડેપ્યુટ થતા તેઓએ આરોપીને ગઈ તા. ૧૩/૦૮/૨૪ ના રોજ એમ. એમ. મોર્યનાઓની રૂબરૂની કસ્ટડી યાદી નામ. કોર્ટને કરેલી. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોઈ ના. કોર્ટમાં બંને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરી ના. કોર્ટમાં મોકલી આપેલ છે. આરોપીઓ પાસેથી કબજે કરેલ મુદ્દામાલ હું ઓળખી શકુ તથા આરોપીઓ આજરોજ ના. કોર્ટમાં હાજર નથી પરંતુ હું તેમને જોયેથી ઓળખી શકુ.

આરોપીઓ તરફે કરવામાં આવેલી **ઉલટતપાસ**માં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદીએ કોઈ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, અમોએ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નહી. એ વાત ખરી નથી કે, અમોએ પંચોની સહી તૈયાર પંચનામાં ઉપર લઈ લીધેલી. એ વાત ખરી છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વસ્તીવાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો તથા પંચો મળી આવતા હોય છે. એ વાત ખરી છે કે, અમોએ કોઈ નજરે જોનાર સાહેદોનું નીવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડવા હોઈ ખોટુ ચાર્જશીટ કરેલુ છે.

**–:: પુરાવાનું મૂલ્યાંકન અને વિશ્લેષણ ::–**

**૧૬.** આ કામે રજૂ થયેલ રેકર્ડ પરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખી, તેમજ નીચે વર્ણવેલ નામદાર એપેક્ષ અદાલતના ચુકાદાનો સાર વંચાણે લેતા,

**Naasir Sikandar Shaikh V/s State of Maharastra**

2005 **Cr.L.J. Pg. No.** 2621

ઉપરોક્ત વર્ણવેલલ એપેક્ષ અદાલતના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુન્હાની તમામ હકિકતો ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. અને જો ફરિયાદપક્ષ કોઇપણ હકિકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તે ગુન્હામાં આરોપીને સજા થઇ શકે નહિ. (આરોપીને પુરાવામાં રહેલ ક્ષતિનો લાભ મળી શકે)

આમ, રેકર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન કરવામા આવે તો ફરીયાદીએ તેમની જુબાનીમાં તેમની ફરીયાદને સમર્થનકારી પુરાવો આપે છે અને સાથે સાથે એવુ પણ જણાવે છે કે, મેં આરોપીઓને ચોરી કરતા જોયેલ નથી અને પાછળ થી પણ પોલીસે બતાવેલ નથી. જયારે તેઓની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તેમા તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ ફરીયાદ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ આપેલી. આમ, ફરીયાદીની જુબાનીથી હાલના આરોપીઓએ જ ફરીયાદીની ગાડી ચોરી કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી.

**૧૭.** ત્યારબાદ આ કામે આંક–૧૨ થી પંચ સાહેદ નિતેષ ભરવાડ અને આંક – ૧૪ થી ગોપાળભાઈ ભરવાડને તપાસેલા છે. આ બંને પંચ સાહેદો આંક–૧૩ થી રજુ મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ પંચનામામા માત્ર પોત પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય તેઓ કશુ જાણતા ન હોવાનું જણાવેલ છે. સદર બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. જેથી તેઓની જુબાની થી આંક–૧૩ વાળા પંચનામાની વિગત પુરવાર થતી નથી.

**૧૮.** ત્યારબાદ આ કામે આંક–૨૦ થી સાહેદ બકાભાઈ અને આંક–૨૧ થી સાહેદ બાગુબેન નાઓને તપાસવામા આવેલા છે. તેઓ ફરીયાદીના માતા પિતા થાય છે. તેઓ પણ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપે છે અને સાથે સાથે જણાવે છે કે, આરોપીઓને ચોરી કરતા તેઓએ જોયેલ નથી. આમ,

આ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદીની ગાડી હાલના આરોપીઓએ જ ચોરી કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી.

**૧૯.** આંક–૨૨ થી મહત્વના એવા તપાસ કરનાર અમલદાર અમૃતભાઈ વસાવા નાઓને તપાસવામા આવેલા છે. તેઓએ જણાવેલ છે કે, તેઓને તપાસ મળતા તપાસ સંભાળી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, મુદ્દામાલ રીકવરી પંચનામુ કરેલ અને તેઓને નામ.હાઈકોર્ટમાં જવાનું થયેલ હોવાથી આગળની તપાસ મોર્ય સાહેબને સોપેલ અને તેઓએ ચાર્જશીટ કરેલું. જયારે તેઓની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેમા તેઓ સ્વીકારે છે કે, ફરીયાદીએ કોઈ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલી નહી. તેઓએ વધુમા સ્વીકારે છે કે, બનાવવાળો વિસ્તારએ જાહેર વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યા સ્વતંત્ર સાહેદો તથા પંચો મળી આવતા હોય છે. વધુમાં સ્વીકારે છે કે, તેઓએ કોઈ નજરે જોનાર સાહેદોનું નિવેદન લીધેલ નથી. આમ, તપાસ કરનાર અમલદાર નાઓએ કરેલ સ્વીકૃતીથી એ હકીકત રેકર્ડ પર આવે છે કે, સદર બનાવ જાહેર વિસ્તારમા બનેલ હોવા છતા અને સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસના કામે તપાસેલા નથી, આ કામે ફરીયાદી સહિત જે સાહેદો તપાસેલા છે તે તમામ હિત ધરાવનાર સાક્ષીઓ છે. બનાવને નજરે જોનાર કોઈ સાક્ષી નથી. આ કામે પકડાયેલ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ પણ બનવા પામેલ નથી. જેથી માત્ર ફરીયાદી ની ફરીયાદ અને હિત ધરાવનાર સાક્ષીઓની જુબાનીને આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી દોષિત ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ તરફેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ ન હોય,જેથી **મુદ્દા નં .૧ નો નિર્ણય ''નકાર''** માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

**૦૧.** આ કામના આરોપી **૦૧.આફતાબ સલીમ ઝારા,** રહે–કડીયાવાડ, મહિલા કોલેજ આશિયાના કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, તા.જી.નવસારી.**૦૨.ફૈજાન વૈયદખાન પઠાણ,** રહે–અમજામ મસ્જીદની સામે, કડીયાવાડ, તા.જી. નવસારીઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧)/બી.એન.એસ. એસ.ની કલમ–૨૭૧(૧)** મુજબ તેમની સામેના બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ **શંકાનો લાભ આપી નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ હોય તો તે કાયમ રાખવો જો હુકમ કરવામા આવેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત સોપવો.

**૦૩.** આ કામના પ્રત્યેક આરોપીઓએ અપીલ સમયગાળા દરમ્યાન માટે ક્રિ. પ્રો.કોડ કલમ–૪૩૭(એ)/બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(એ) ની જોગવાઈ અનુસાર **રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર)** પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા કરી આપવા.

હુકમ આજ રોજ **તા:૦૯મી, માહે–માર્ચ,સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ: નવસારી.

**સહી/–**
**(ભાવેશ કૌશિકકુમાર શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01477

(માતુરકર એચ.એન. : ગુજ સ્ટેનો)

નામદાર સર્વોચ્ચ અદાલતના MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) VERSUS STATE OF GUJARAT CRIMINAL APPEAL NO(S). 2973 OF 2023 ચુકાદામાં નિર્દેશિત ટેબ્યુલેટેડ ચાર્ટસ નીચે મુજબ

છે.

## Witnesses Examined

### (A) Prosecution Witness

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૦૧ | કિશનભાઈ બકાભાઈ ભરવાડની જુબાની | ફરીયાદી |
| ૦૨ | નિતેષ જગદીશભાઈ ભરવાડની જુબાની | પંચ સાહેદ |
| ૦૩ | ગોપાળ દેવાભાઈ ભરવાડની જુબાની | પંચ સાહેદ |
| ૦૪ | બકાભાઈ નાનુભાઈ ભરવાડની જુબાની | અન્ય સાહેદ |
| ૦૫ | બાગુબેન બકાભાઈ ભરવાડની જુબાની | અન્ય સાહેદ |
| ૦૬ | અમૃતભાઈ મંગાભાઈ વસાવાની જુબાની | ત.ક.અ |

### (B) Defence Witness : Nil

### (C) Court Witness : Nil

## Exhibited Documents

### (A) Prosecution Exhibit

| Exhibit No | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| ૧૦ | એફ.આઈ.આર. | PW-1 |
| ૧૩ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | PW-12-14 |
| ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | --- |

### (B) Defence Exhibit : Nil

### (C) Court Exhibit : Nil

## Material Object/ Muddamals

| Exhibit No | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| --- | ---- | ---- |

તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ: નવસારી.

**સહી/-**
**(ભાવેશ કૌશિકકુમાર શાહ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01477